# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 01-07-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

**આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.**

---

- ✓ આજથી દેશભરમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓ અમલમાં આવશે
- ✓ વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે કતારના પ્રધાનમંત્રી સાથે રાજકીય, વેપાર, રોકાણ સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી..
- ✓ નદીઓ પાણીના પરસ્પર ઉપયોગ માટે રાજસ્થાન અને મધ્યપ્રદેશ વચ્ચે પાર્વતી-કાલિસિંધ-ચંબલ આંતર-રાજ્ય નદી લિંક પ્રોજેક્ટ અંગેસમજૂતીના કરાર...
- ✓ ભારતીય હવામાન વિભાગે આગામી 3 થી 4 દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી
- ✓ વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશિપ આજથી લંડનમાં શરૂ - ભારતના સુમિત નાગલ, વિમ્બલ્ડનના મુખ્ય ડ્રોમાં ભાગ લેશે.
- ✓

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# THREE LAWS

દેશમાં આજથી ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ એમ ત્રણ નવા ફોજદારી કયદા અમલમાં આવશે. કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે આ અંગે બેઠક યોજી હતી. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ ત્રણેય નવા કાયદા લાગુ કરવા માટે ટેકનોલૉજી, ક્ષમતા નિર્માણ અને જાગૃતિ વધારવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

નવા કાયદાનો ઉદેશ્ય આધુનિક ન્યાય વ્યવસ્થાને લાગુ કરવાનો છે. આ કાયદાઓ અંતર્ગત કોઈપણ પોલીસ સ્ટેશનમાં ઝીરો એફઆઈઆર, ઓનલાઇન ફરિયાદ, એસએમએસ કે ઇ-મેઇલથી સમન્સ મોકલવા અને જઘન્ય અપરાધની વીડિયોગ્રાફી જેવી જોગવાઈ અનિવાર્ય કરવામાં આવી છે. નવા કાયદાઓમાં NCRB અને CCTNS એપ્લીકેશન્સમાં 23 કાર્યાત્મક સુધારા કરાયા છે. નવા કાયદાઓના અમલ માટે પોલીસ અને તપાસ અધિકારીઓને તાલિમ અપાઈ છે. આ નવા કાયદાઓ અંગે દેશભરમાં વિભિન્ન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણીમાં બંધારણ અને દેશની લોકતાંત્રિક પ્રણાલીમાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો છે. ગઇકાલે આકાશવાણીના 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ  કહ્યું કે 2024ની સામાન્ય ચૂંટણી વિશ્વની સૌથી મોટી ચૂંટણી હતી જેમાં 65 કરોડ લોકોએ મતદાન કર્યું હતું.. તેમણે  ચૂંટણી પંચ અને મતદાન પ્રક્રિયામાં સામેલ તમામ લોકોને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી મોદીએ આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શરૂ કરાયેલા 'એક પેડ મા કે નામ'. વિશેષ અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે લોકોને તેમની માતા સાથે અથવા તેમની માતાની યાદમાં એક વૃક્ષ વાવવાની અપીલ કરી હતી.

ચોમાસાનો ઉલ્લેખ કરતા, શ્રી મોદીએ કેરળમાં બનેલી એક ખાસ છત્રી 'કાર્થુમ્બી'નો ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ આ રંગબેરંગી છત્રીઓ બનાવવા માટે કેરળની આદિવાસી મહિલાઓની પ્રશંસા કરી હતી

પ્રધાનમંત્રીએ આંધ્ર પ્રદેશના અલ્લુરી સીતારામ રાજુ જિલ્લામાં મોટી માત્રામાં ઉત્પાદિત અરાકુ કોફીનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે તેનાથી ખેડૂતોની આવક વધી છે અને કોંડા ડોરા આદિવાસી સમુદાયને ફાયદો થયો છે. પ્રધાનમંત્રી  કહ્યું કે અરાકુ કોફીને ઘણા વૈશ્વિક પુરસ્કારો મળ્યા છે

........2..........

શ્રી મોદીએ જમ્મુ અને કાશ્મીરના બરફના વટાણાનું ઉદાહરણ પણ આપ્યું હતું. તેમણે કહ્યું આ સફળતાએ જમ્મુ અને કાશ્મીરના લોકો માટે સમૃદ્ધિના નવા દરવાજા ખોલ્યા છે

પ્રધાનમંત્રીએ એ વાત પર ખુશી વ્યક્ત કરી કે ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં ગૌરવ મેળવી રહી છે. તેમણે તુર્કમેનિસ્તાનમાં રવિન્દ્રનાથ ટાગોરની પ્રતિમાનું અનાવરણ કરાયું તેનો ઉલ્લેખ કર્યો હતો.

યોગ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ દિવસની ઉજવણી જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ નવા રેકોર્ડ બની રહ્યા છે..

# JAISHANKAR-QATAR

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે દોહામાં કતારના પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી મોહમ્મદ બિન અબ્દુલ રહમાન બિન જાસિમ અલથાની સાથે મુલાકાત કરી હતી. ડૉ. જયશંકરે કતારના અમીર અને પ્રધાનમંત્રી અલ થાનીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. બંને નેતાઓએ રાજકીય, વેપાર, રોકાણ, ઉર્જા, ટેકનોલોજી, સંસ્કૃતિ ક્ષેત્રે દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી હતી. તેઓએ વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન પ્રદાન કર્યું હતુ.

ડૉ. જયશંકરે ગાઝાની પરિસ્થિતિ પર શ્રી અલથાનીએ જાહેર કરેલા વલણની પણ પ્રશંસા કરી હતી. વિદેશ મંત્રીએ કહ્યું કે, તેઓ ભારત-કતાર સંબંધોમાં વધુવૃદ્ધિ અને પરસ્પર હિતના મુદ્દાઓ પર સતત વાતચીત કરી રહ્યાં છે.

# MP-RAJSTHANMOU

મધ્યપ્રદેશ અને રાજસ્થાને પાર્વતી-કાલિસિંધ-ચંબલ આંતર-રાજ્યનદી લિંક પ્રોજેક્ટ અંગે સમજૂતીના કરાર કર્યા છે. આ કરાર મુજબ ચંબલ-પાર્વતી-કાલીસિંધના પાણીના ઉપયોગ બંને રાજ્યો દ્વારા કરાશે.

"પાર્વતી-કાલિસિંધ-ચંબલ આંતર-રાજ્ય નદી લિંક પ્રોજેક્ટ પરના કરારથી મધ્યપ્રદેશના 13 જિલ્લાઓમાં પીવાના પાણી અને સિંચાઈની સુવિધામાં વધારો થશે. જ્યારે રાજસ્થાનના 13 જિલ્લાઓને પણ આ પ્રોજેક્ટનો લાભ મળશે. નદી લિંક પ્રોજેક્ટ આશરે 72 હજાર કરોડ રૂપિયાનો છે. સમજૂતીના કરાર બાદ બંને રાજ્યોના મુખ્યમંત્રીઓએ ખુશી વ્યક્ત કરીને બંને રાજ્યો માટે ફાયદાકારક કરાર ગણાવ્યો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

..................................................

# IMD- WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 3 થી 4 દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ સ્થળઓ માટે હવામાન વિભાગે રેડ એલર્ટ અને યલો એલર્ટ જાહેર કર્યુ છે.. IMDએ કહ્યું કે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પૂર્વ રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના ભાગોમાં આ મહિનાની 3 તારીખ સુધી ભારે વરસાદ પડવાની પણ શક્યતા છે..

પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી 2 થી 3 દિવસ દરમિયાન પણ આ સ્થિતિનું નિર્માણ થશે.. પશ્ચિમ ભારતમાં, આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની સ્થિતિની ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર અને ગોવામાં પણ અસર રહેશે.

દરમિયાન, દક્ષિણ ભારતમાં, આવતીકાલ સુધી તામિલનાડુ, પુડુચેરી, કેરળ અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં અને લક્ષદ્વીપ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તેલંગાણા અને દરિયાકાંઠાના કર્ણાટકમાં આગામી 2 દિવસ સુધી ભારે વરસાદની સ્થિતિ બનેલી રહેશે..

# MANIPUR GOVERNOR

મણિપુરના  રાજ્યપાલ અનુસુયા ઉઇકેએ રાજ્યમાં શાંતિ અને સુલેહ-શાંતિ પુનઃસ્થાપિત કરવા તમામને સહકાર આપવા અપીલ કરી છે. રવિવારે ઈમ્ફાલમાં ચિલ્ડ્રન થિયેટર વર્કશોપમાં બોલતા તેમણે કહ્યું હતું કે રાજ્યમાં વર્તમાન પરિસ્થિતિથી સમાજનો દરેક વર્ગ પ્રભાવિત થયો છે.

રાજ્યપાલે કહ્યું કે કટોકટીના ઉકેલ માટે પગલાં લેવામાં આવ્યા છે અને નજીકના ભવિષ્યમાં તેના  પરિણામ જોવા મળશે. રાજ્યપાલે એકસો વીસ વિસ્થાપિત બાળકો સાથે અને તેમના વાલીઓ સાથે પણ વાતચીત કરી હતી. આ  વર્કશોપ દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં તેમની ભાગીદારી બદલ પ્રમાણ પત્રોનું વિતરણ કર્યું હતુ.

# WIMBLEDON

વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશિપ આજથી લંડનના ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં શરૂ થઈ રહી છે. પ્રથમ દિવસે, વર્તમાન ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ એસ્ટોનિયન ટેનિસ ખેલાડી માર્ક લાજલ સામે રમશે. ભારતના ટોચના પુરૂષ સિંગલ્સ ખેલાડી સુમિત નાગલ, આ વર્ષે તેની પ્રથમ વિમ્બલ્ડનના મુખ્ય ડ્રોમાં ભાગ લેશે. નાગલનો પ્રથમ રાઉન્ડમાં સર્બિયાના મિઓમિર કેકમાનોવિક સામે મુકાબલો થશે.

મેન્સ ડબલ્સ ઈવેન્ટમાં ભારતીય ટેનિસ ખેલાડી રોહન બોપન્ના ઓસ્ટ્રેલિયાના મેથ્યુ એબ્ડેન સાથે પાર્ટનર બનશે. તેમનો મુકાબલો ફ્રાન્સના એડ્રિયન મન્નારિનો અને જીઓવાન્ની મપેત્શી પેરીકાર્ડ સામે થશે. બોપન્ના અને એબ્ડેન 2023માં વિમ્બલ્ડન ચેમ્પિયનશિપમાં સેમિફાઇનલમાં પહોંચ્યા હતા.  ભારતના એન શ્રીરામ બાલાજી પણ મેન્સ ડબલ્સમાં ગ્રેટ બ્રિટનના લ્યુક જોન્સન સાથે ભાગીદારી કરીરહ્યા છે. તેઓ શરૂઆતના રાઉન્ડમાં ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન મેટ પેવિક અને માર્સેલો અરેવાલો સામે ટકરાશે.

# MAHILA CRICKET

ચેન્નાઇના એમ એ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ચાલી રહેલી દક્ષિણ આફ્રિકા સામેની મહિલા ક્રિકેટની ટેસ્ટ મેચમાં ભારભ મજબૂત સ્થિતિમાં છે. ટેસ્ટ ક્રિકેટમાં ત્રીજા દિવસે, દક્ષિણ આફ્રિકાએ દિવસના અંતે બે વિકેટે 232 રન બનાવ્યા હતા.

અગાઉ, ભારતે પ્રથમ દાવમાં 6 વિકેટે 603 રનનો સ્કોર કર્યો હતો. ઓપનર શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાએ ઉત્કૃષ્ટ બેટિંગનું પ્રદર્શન કરીને મહિલા ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધીની સૌથી વધુ 292 રનની ઓપનિંગ ભાગીદારી નોંધાવી હતી. શેફાલીએ 205 રન સાથે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી બેવડી સદી ફટકારીને ઇતિહાસ રચ્યો હતો જ્યારે મંધાનાએ 149 રન બનાવ્યા હતા...

# BCCI- PRIZE MONEY

ICC મેન્સ T20 વર્લ્ડકપ જીત્યા બાદ ટીમ ઈન્ડિયા માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે 125 કરોડ રૂપિયાની પ્રાઈઝ મનીની જાહેરાત કરી છે. શનિવારે કેન્સિંગ્ટન ઓવલ ખાતે ભારતની જીત બાદ BCCI સેક્રેટરી જય શાહે આ જાહેરાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે, ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અસાધારણ પ્રતિભા, નિશ્ચય અને ખેલદિલીનું પ્રદર્શન કર્યું છે.

શ્રી શાહે આ ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે તમામ ખેલાડીઓ, કોચ અને સપોર્ટ સ્ટાફને પણ અભિનંદન પાઠવ્યા હતા. રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયાએ સમગ્ર ટૂર્નામેન્ટમાં એકપણ મેચ ગુમાવ્યા વિના T20 વર્લ્ડ કપ જીતનારી પ્રથમ ટીમ બનીને ઈતિહાસ રચ્યો છે. જય શાહે ગઈ કાલે એક મીડિયા નિવેદન પ્રસિધ્ધ કરીને ‘મેન ઇન બ્લુ’ને જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા..

# Amarnath Yatra

કાશ્મીરમાં શ્રી અમરનાથજીની વાર્ષિક યાત્રા કોઈ વિઘ્ન વગર સરળતાથી ચાલી રહી છે. અમારા શ્રીનગરના પ્રતિનિધી જણાવે છે કે, અત્યાર સુધી 28 હજાર 534 શ્રધ્ધાળુઓએ અમરનાથની પવિત્ર ગુફામાં કુદરતી રીતે રચાતા બરફના શિવલિંગનાં દર્શન કર્યા છે. યાત્રા માટે સલામતીનો કડક બંદોબસ્ત કરવામાં આવ્યો છે. નુવાન અને બાલતાલ બેઝ કેમ્પ ખાતે દેશનાં વિવિધ ભાગમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ પહોંચી રહ્યા છે.

દરમિયાન, આજે વહેલી સવારે જમ્મુમાં છ હજાર 461 યાત્રીઓની નવી બેચ જમ્મુમાં ભગવતીનગર બેઝ કેમ્પથી રવાના થઈ હતી. બાલતાલ કેમ્પથી બેહજાર 321 અને નુવાન-ચંદનવાડી બેઝ કેમ્પથી ચાર હજાર 140 યાત્રીઓ રવાના થયા હતા. યાત્રીઓએ વહીવટી તંત્ર અને અમરનાથ શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા અંગે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો.